**<u>અમદાવાદનાં મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં</u>**

**<u>ફોજદારી કેસ નં.:૧૨૨૩૫/૨૦૨૦</u>**

**(૧)** આ કામનાં આરોપી સામે **ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)** નાં ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, પોતે મધ્યમ વર્ગ નાં માણસ છે અને અજાણતાં ગુનો થઈ ગયેલ છે તેમજ હવે પછી આવા પ્રકારનો ગુનો નહિ કરવાની ખાતરી આપેલ છે અને ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે. કુટુંબની તમામ જવાબદારી તેમનાં ઉપર હોઈ, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં, આરોપીએ તેનાં નિવેદનમાં સ્વેચ્છા પૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

**(૨)** આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસનાં સંજોગોને ઘ્યાને લેતાં તેમજ **<u>રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪</u>** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં તેમજ **<u>ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫(૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર</u>** નાં કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતાં, જો પૂરતાં અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ઘ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાનાં સિધ્ધાંતને ઘ્યાને લઈ તથા આરોપીનાં સંજોગોને ઘ્યાને લેતાં, આરોપીને હળવી તથા ઓછી સજા કરવા માટેનાં વાજબી અને વિશિષ્ટ કારણો જણાતાં હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે **ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)** નાં ગુના માટે તકસીરવાર ઠરાવી, આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પૂરા)** નો દંડ તથા દંડ ના ભરે, તો દિન–૫ (પાંચ) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૩/૦૫/૨૦૨૩.
**<u>સ્પેશીયલ સીટીંગ</u>**

(પરેશ ભોગીલાલ નાયક)
ઈ.ચા.એડી.ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.